[A-5] Seat No.: _______ No. of printed pages: 2

# SARDAR PATEL UNIVERSITY
## BA [V$^{th}$ Semester] [NC] Examination
## Wednesday, 11$^{th}$ May, 2016
## 10.30 a.m. to 1.30 p.m.
## UA05CGLT14 : અપઠિતનું પરિશીલન

કુલ ગુણ : ૭૦

નોંધઃ જમણી બાજુ દર્શાવેલા આંકડા ગુણ સૂચવે છે.

પ્ર.૧ નીચેનામાંથી ગમે તે ત્રણનો વિચાર-વિસ્તાર કરી સમજાવો. (૨૪)

(૧) ચેહ ઠરે, દુઃખડાં ઠરે, ઠરી જાય ખટરાગ,
પણ ઈર્ષ્યાની આગ, ઠારે તેમ બમણી થાય.

(૨) અકકલ ઉધારે ના મળે, હેત ન હાટ વેચાય,
રૂપ ઉછીનું ના મળે, પ્રીત પરાણે ના થાય.

(૩) હસો, ખુબ હસો, હજી સમય છે જશ લ્યો હસી,
પરંતુ હસવા સમી નવ બનાવશો જિંદગી.

(૪) પૈસા ને વળી પદવીનો, વિશેષ શો વિશ્વાસ,
રાવણ કેરી સિદ્ધિ પણ, પળમાં પામી નાશ.

(૫) 'જનનીની જોડ, સખી! નહિ જડે રે લોલ'.

(૬) 'જીવનમાં શું કે કલામાં, અનુકરણ એટલે મરણ'.

પ્ર.૨ નીચે આપેલ પરિચ્છેદનો ૧/૩ ભાગમાં સંક્ષેપ કરો. (૧૬)

આજે સફળતાનો આધાર માત્ર વ્યકિતની યોગ્યતા પર નથી, પરંતુ તેઓ બીજાને સ્વીકાર્ય એવું વ્યકિતત્વ ઊભું કરી શકે છે કે કેમ તેના પર છે. દા.ત. તેઓ કેવા પ્રભાવક છે, તેઓ આનંદી, ગંભીર, આક્રમક, વિશ્વસનીય, મહત્ત્વાકાંક્ષી છે કે કેમ, વળી તેમના કુટુંબની વિગતો શી છે, તેઓ કઇ કલબોમાં જાય છે અને તેઓ યોગ્ય માણસોને ઓળખે છે કે કેમ. એરિક ફ્રોમ કહે છે કે, ''આજીવિકાનો હેતુ જ મુખ્ય હોય તો વ્યકિત શું જાણે છે અને શું કરી શકે છે તે જાણવું પૂરતું હતું અને વ્યકિતનું સ્વમાન પણ તે સંજોગોમાં તેની યોગ્યતા જેટલું જ હોત અને તે જ તેનું ઉપયોગિતા મૂલ્ય. પરંતુ આજે તો તમે તમારું વ્યકિતત્વ કેટલી સહેલાઇથી વેચી શકો છો તેના પર જ બધો આધાર છે. તેથી વ્યકિત પણ પોતે એક બિકાઉ ચીજ હોવાનું અનુભવવા લાગે છે. વ્યકિત જીવનની કે સુખની ચિંતા નથી કરતી પણ પોતાની વેચાણક્ષમતાની ચિંતા કરે છે''.

ફ્રોમ ઉમેરે છે કે ''વિનિમયાભિમુખ વ્યકિતત્વ''નો હેતુ એ હોય છે કે તે સર્વેને અનુરૂપ હોય અને વિવિધ સંજોગોમાં વ્યકિતત્વના બજારમાં તેની વેચાણક્ષમતા સચવાઇ રહે. કશાકને વળગી રહેવું, કશુંક મારું છે, કે આ તો હું બદલી જ ન શકું એવો ઓગણીસમી સદીના લોકોનો અહમ્ પણ આ વિનિમયાભિમુખ વ્યકિતત્વો ધરાવતા નથી હોતા. કારણ, તેઓ તો ''તમે ઇચ્છો એવો હું છું'' ના સિદ્ધાંતના આધારે સતત કાચીંડાની જેમ રંગ બદલ્યા કરે છે... આવા વિનિમયાભિમુખ માણસોનો એકમાત્ર હેતુ જ મોટી સંકીર્ણ વ્યવસ્થાના પૂર્જા તરીકે કામ કરવાને હોય છે. અને તેમ કરતી વખતે કોઇ પણ જાતના સવાલો કર્યા વિના કેવી રીતે આ તંત્રમાં આગળ વધી શકાય તેટલું જ પૂછવાનો હોય છે.

અથવા

પ્ર.૨ નીચે આપેલ પરિચ્છેદનો ૧/૩ ભાગમાં સંક્ષેપ કરો. (૧૬)

આ માર્ગ જો કે ખાંડાની ધારે ચાલવા જેવો છે, છતાં મને એ સહેલામાં સહેલો લાગ્યો છે. એ માર્ગે જતાં મારી ભયંકર ભૂલો પણ મને નજીવી જેવી લાગી છે. કારણ કે એ ભૂલો કરતાં છતાં હું બચી ગયો છું. અને, મારી સમજણ પ્રમાણે આગળ વધ્યો છું. દૂર દૂરથી વિશુદ્ધ સત્યની-ઇશ્વરની-ઝાંખી પણ કરી રહ્યો છું. સત્ય જ છે, એ સિવાય બીજું કાંઇ જ આ જગતમાં નથી, એવો મારો વિશ્વાસ દિનપ્રતિદિન વધતો જાય છે. એ કઇ રીતે વધતો ગયો છે એ મારું જગત એટલે 'નવજીવન' ઇત્યાદિના વાંચનાર જાણી ભલે મારા પ્રયોગોના ભાગીદાર બને, અને તેની ઝાંખી પણ મારી સાથે કરે. વળી, જેટલું મારે સારુ શક્ય છે તેટલું એક બાળકને સારુ પણ શક્ય છે. એમ હું વધારે ને વધારે માનતો થયો છું, અને તેને સારું મારી પાસે સબળ કારણો છે. સત્યની શોધનાં સાધનો જેટલા કઠણ છે તેટલાં જ સહેલાં છે. એ અભિમાનીને અશક્ય લાગે અને એક નિર્દોષ બાળકને તદ્દન શક્ય લાગે. સત્યના શોધકને રજકણથી પણ નીચે રહેવું પડે છે. જગત આખું રજકણને કચડે છે, પણ સત્યનો પુજારી તો રજકણ સુદ્ધાં તેને કચડી શકે એવો અલ્પ ન બને ત્યાં સુધી તેને સ્વતંત્ર સત્યની ઝાંખી દુર્લભ છે.

પ્ર.૩ નીચેનામાંથી **ગમે તે ચાર** છંદના બંધારણ આપી ઉદાહરણ સહિત સમજાવો. (૧૬)

(૧) શાર્દૂલવિક્રિડિત (૨) શાલિની (૩) સોરઠો (૪) દોહરો
(૫) પૃથ્વી (૬) શિખરિણી (૭) હરિ ગીત (૮) ઝુલણા

પ્ર.૪ **ગમે તે બે** અલંકારની વ્યાખ્યા આપી ઉદાહરણ સહિત સમજાવો. (૧૪)

(૧) ઉપમા (૨) વર્ણાનુપ્રાસ (૩) શબ્દાનુપ્રાસ (૪) ઉત્પ્રેક્ષા

@@@@@@@